કોમ્પ્યુટરાઇજ્ડ જનરેટ થતા મહેસૂલી દસ્તાવેજોમાં e-Sign અને e-Sealનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઇટીપી/૧૦૨૦૨૧/૨૨૪/હ-૨
તા.૧૮/૧૧/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા.૦૭/૦૮/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક:એલઆરઆર/૧૦૨૦૧૪/૩૩૬/લ-૧
(૨) વિભાગનો તા.૧૫/૦૯/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:એલઆરઆર/૧૦૨૦૧૪/૩૩૬/લ-૧
(૩) વિભાગનો તા.૨૨/૦૨/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક: એલઆરસી/૧૦૨૦૧૨/૧૫/લ-૧
(૪) વિભાગનો તા.૧૬/૦૩/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક: એલઆરસી/૧૦૨૦૧૨/૧૫/લ-૧
(૫) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૬/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:EGV/10/2021/1594/IT.
(૬) જાહેરનામા ક્રમાંક: GHM/2021/129/M/ITP/102021/224/H-2 , તા.૧૮/૧૧/૨૦૨૧

પ્રસ્તાવના:

રાજ્ય સરકારના ઇ-ગવર્નન્સના પ્રયાસોના ભાગરૂપે વંચાણે લીધા ઠરાવ ક્રમાંક-(૧) થી "ઇ-ધરા"ની શરૂઆત કરવામાં આવેલ છે. તે મુજબ ગામ નમૂના ૭/૧૨ અને ૮-એ ની ફક્ત કોમ્પ્યુટરાઇજ્ડ નકલો જ અધિકૃત ગણાય છે. આ સંદર્ભે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૫)ના ઠરાવથી ઈ-ગવર્નન્સ ક્ષેત્રે સરકારની સેવાઓ કે જે ઓનલાઇન પોર્ટલ્સ / એપ્લીકેશન /વેબસાઇટ્સ થકી આપવામાં આવે છે તેમાંથી જનરેટ થતા સરકારી દસ્તાવેજો ઉપર e-Sign અને e-Seal ઉપસાવવા સંદર્ભે સૂચનાઓ પરિપત્રિત કરેલ છે તે ધ્યાને લઇ ઇ-ધરા કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ થતી ગામ નમૂના ૬, ૭/૧૨ અને ૮-અની e-Sign અને e-Seal દ્વારા પ્રમાણિત કરેલી કોમ્પ્યુટરાઇજ્ડ નકલો ઓનલાઇન પોર્ટલ ઉપરથી ઉપલબ્ધ થઈ જાય તેવી વ્યવસ્થા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. જે અન્વયે વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૬)ના જાહેરનામાથી તમામ તાલુકાઓના મામલતદારશ્રીઓને e-Sign અને e-Seal નો ઉપયોગ કરવા અધિકૃત કરવામાં આવેલ છે. જે અન્વયે e-Sign અને e-Seal દ્વારા પ્રમાણિત કરેલી કોમ્પ્યુટરાઇજ્ડ નકલો સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

PTO

ઠરાવ:

આથી ઠરાવવામાં આવે છે હવેથી ઓનલાઇન પોર્ટલ https://anyror.gujarat.gov.in તથા https://iora.gujarat.gov.in પરથી નક્કી કરેલ યોગ્ય ફી ભરીને મામલતદારશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ગામ નમૂના ૬, ૭/૧૨ અને ૮-અની e-Sign અને e-Seal વાળી, QR Code સાથેની નકલો અધિકૃત નકલ ગણાશે અને તેને અલગથી ઇ-ધરા કેન્દ્ર ખાતે જઈ મામલતદારશ્રી પાસે પ્રમાણિત કરવાની જરૂર રહેશે નહી. આ નકલની અધિકૃતતાની ખાતરી ઓનલાઇન કરી શકાય તે હેતુસર દરેક નકલ ઉપર ક્યુઆર કોડ (QR Code) પણ લગાડવાનો રહેશે.

આ ઠરાવ તે બહાર પાડ્યાની તારીખથી અમલમાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા. ૧૬/૧૧/૨૦૨૧ના રોજ મળેલ અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ)ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જી. ભટ્ટ)
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

નકલ રવાના પ્રતિ (જરૂરી કાર્યવાહી તથા સુચારુ વ્યવસ્થા ઊભી કરવા અર્થે):

- પ્રોજેક્ટ ઓફીસરશ્રી, સ્ટેટ મોનીટરીંગ સેલ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ ઇન્ફોર્મેશન ઓફીસર, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર ગુજરાત, સ્ટેટ સેન્ટર, સચિવાલય, ગાંધીનગર.
- ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, બ્લોક નં-૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.